પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૪ | ૪ જુલાઈ, ૨૦૧૭, મંગળવાર ; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચીન સરહદે ઘર્ષણની સ્થિતિ

## ચીને ભારતના બે બંકરો પર બુલડોઝર ચલાવતા બોર્ડર પર ઘર્ષણની સ્થિતિ ઊભી થઈ : ચીન બોર્ડરે ૧૯૬૨ બાદ સૌથી લાંબું ઘર્ષણ, ભારતે જવાનોની સંખ્યા વધારી

ન્યુ દિલ્હી,તા.૩

ભારતે સિક્કિમની પાસે એક વિસ્તારમાં પોતાની સ્થિતિને મજબૂત કરવા માટે તથા વધુ સૈનિકોને નોન-કોમ્બટિવ મોડમાં તહેનાત કર્યા છે. ત્યાં લગભગ એક મહિનાથી ભારતીય જવાનોનું ચીનના સૈનિકોની સાથે ઘર્ષણ ચાલુ જ છે. આ બંને સેનાઓ વચ્ચે ૧૯૬૨ બાદથી આ પ્રકારનું સૌથી લાંબી ઘર્ષણ છે. અખબારી અહેવાલો મુજબ, ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) દ્વારા ભારતના બે બંકરોને તોડી પાડ્યા અને આક્રમક ચાલ અપનાવ્યા બાદ ભારતે વધુ સૈનિકો તહેનાત કર્યા છે. 'નોન-કોમ્બેટિવ મોડ'માં બંદૂકોની નાળને જમીન તરફ રાખવામાં આવે છે.

બંને દેશોઓની સેનાઓની વચ્ચે ઘર્ષણ પહેલાના ઘટનાક્રમ વિશે પ્રથમવાર માહિતી આપતા સૂત્રોનું કહવું છે કે પીએલએ ૧ જૂનના રોજ ભારતીય સેનાના ડોકા લાના લાલટેનમાં ૨૦૧૨માં સ્થાપિત બે બંકરોને હટાવવા માટે કહ્યું હતું.

આ બંકરો ચંબી ઘાટીની પાસે અને ભારત-ભૂટાન-તિબ્બત ટ્રાઈજંક્શનના ખૂણામાં આવેલા છે. અનેક વર્ષથી આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી ભારતીય સેનાએ ૨૦૧૨માં નિર્ણય કર્યો હતો કે ત્યાં ભૂટાન-ચીન સરહદ પર સુરક્ષા મજબૂત કરવાની સાથે પાછળથી મદદ માટે બે બંકરો તૈયાર રાખવામાં આવે.

અહેવાલો મુજબ, ભારતીય સેનાના ફ્રન્ટ મોર્ચાએ ઉત્તર બંગાળમાં સુકના સ્થિત ૩૩ કોર હેડક્વાર્ટરને ચીન દ્વારા બંકરો માટે આપવામાં આવેલી ચેતવણી વિશે માહિતગાર કર્યા હતા. જોકે સૂત્રોનું કહેવું છે કે ૬ જૂનની રાતે બે ચીની બુલડોઝરોએ બંકરોને નષ્ટ કરી દીધા અને દાવો કર્યો કે આ વિસ્તાર ચીનનો છે, ભારત કે ભૂટાનનો તેની પર કોઈ અધિકાર નથી.

તેઓએ કહ્યું કે તહેનાત ભારતીય સૈનિકોએ ચીની જવાનો


● અનુસંધાન પાન-૭ પર

# ત્રાસવાદીઓને કચડી નાંખવા સેના પ્રતિબદ્ધ

## સુરક્ષા દળો વધુ આક્રમક રીતે કાર્યવાહી કરવા માટે તૈયાર : ત્રાસવાદી સંગઠનોમાં સામેલ થવાના પ્રયાસ કરતા યુવાનોને પણ સમજાવવાના પ્રયાસ કરાશે : ત્રાસવાદીને સ્થાનિક જન ટેકાને પહોંચી વળવાની કઠોર નીતિ

નવી દિલ્હી,તા. ૩

હિંસાગ્રસ્ત જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદને કચડી નાંખવા અને બીજી વખતથી સ્થિતિ સામાન્ય કરવા માટે કેન્દ્રની મોદી સરકારે કમર કસી લીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયના નિર્દેશ બાદ સુરક્ષા દળોએ ત્રાસવાદીઓની સામે આક્રમક જંગ છેડવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત દક્ષિણ કાશ્મીરમાં સક્રિય લશ્કરે તોઈબા અને હિઝબુલ જેવા સંગઠનોમાં જવાના પ્રયાસ કરી રહેલા લોકોને રોકવા માટે પણ મોટાપાયે પ્રયાસ કરવામાં આવશે. જાણવા મળ્યું છે કે, કેન્દ્રીય ગૃહમંત્રાલયે સુરક્ષા સંસ્થાઓને કહ્યું છે કે, તેઓ ત્રાસવાદીઓને મળી રહેલા સ્થાનિક જનસમર્થનને પહોંચી વળવા માટે આક્રમક રણનીતિ અપનાવે. અત્રે નોંધનીય છે કે, હાલના સમયમાં ત્રાસવાદીઓની સામે સુરક્ષા દળોના એન્કાઉન્ટરમાં સ્થાનિક લોકો તરફથી અડચણો ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ લોકો સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરી રહ્યા છે. જેના કારણે ત્રાસવાદીઓને બચીને નિકળી જવાની તક મળી રહી છે. સ્થાનિક લોકો ત્રાસવાદીઓને આશ્રય આપવાની સાથે સાથે અન્ય રીતે પણ મદદ કરી રહ્યા છે જેના કારણે કેન્દ્રીય ગૃહમંત્રાલય ચિંતાતુર છે. કેન્દ્ર સરકારના નવેસરના કઠોર વલણનો મામલો તે સમયે સપાટી ઉપર આવ્યો છે જ્યારે હાલમાં જ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, સરકાર પાસે કાશ્મીરના મુદ્દાના સ્થાનિક નિકાલ માટે આક્રમક રણનીતિ બનાવવામાં આવી છે. આતંકવાદને પહોંચી વળવા માટે હવે કેન્દ્ર સરકારે ત્રણ સુત્રીય નીતિ અપનાવી છે જેમાં ત્રાસવાદીઓની સામે જોરદાર અભિયાન, લેખકો અને પત્રકારો ઉપર અંકુશ અને અલગતાવાદીઓ સામે કાર્યવાહીનો સમાવેશ થાય છે. ટોપ સુત્રોના કહેવા મુજબ કેન્દ્ર સરકાર ગવર્નર એનએન વોરાને કહી શકે છે કે, તે ત્રાસવાદીઓની સામે અભિયાનને સીધીરીતે નજર રાખીને આગળ વધારે આ ઉપરાંત સુરક્ષા સંસ્થાઓની



● અનુસંધાન પાન-૭ પર

# મહાગઠબંધન માટે પહેલા એજન્ડા બાદમાં નેતા : નીતિશકુમાર

## કૉંગ્રેસ પર ફરીથી 'વરસ્યા' બિહારના મુખ્યમંત્રી : કૉંગ્રેસ એક મોટી પાર્ટી, તેણે એજન્ડા નક્કી કરવો જોઈએ



ન્યુ દિલ્હી/પટણા,તા.૩

બિહારના મહાગઠબંધનમાં અંદરો-અંદર વિવાદની ચર્ચા વચ્ચે રાજ્યના મુખ્યમંત્રી નીતીશકુમારે સોમવારના રોજ ખુલીને પોતાની વાત મૂકી. નીતીશે મહાગઠબંધનના ભવિષ્ય, રાષ્ટ્રપતિ ચૂંટણી, લાલુની રેલીમાં સામેલ ન થવાની અટકળો સહિત વિભિન્ન મુદ્દા પર પોતાનો અભિપ્રાય રજૂ કર્યો. જો કે આ દરમ્યાન કૉંગ્રેસના પ્રતિ તેમની નારાજગી ફરી એકવખત સામે આવી અને તેમણે પાર્ટીની નીતિઓ પર પ્રશ્નો ઉઠાવ્યા.

● અનુસંધાન પાન-૭ પર

# બનાસકાંઠા, ટંકારા અને કોડિનારમાં ભારે તારાજી

## વરસાદનું જોર ઘટતા અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી તીવ્ર : લોકો વરસાદી પાણી ઓસરવાની રાહ જોઇ રહ્યા છે : તારાજી અને નુકસાનીના દ્રશ્યો સામે આવતાં હવે રોગચાળાની દહેશત

અમદાવાદ, તા.૩

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે પણ ભારેથી અતિભારે વરસાદ ચાલુ રહ્યો હતો. જો કે, અમદાવાદમાં આજે બપોરે જોરદાર ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા સાથે તોફાની વરસાદ વરસ્યો હતો, જેના કારણે શહેરના લગભગ મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. પૂર્વના વિસ્તારમાં લોકોના ઘરોમાં, સોસાયટીઓમાં, દુકાનો અને કોમ્પ્લેક્ષમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા. તોફાની વરસાદને પગલે શહેરનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય ગુજરાતમાં વરસાદનું જોર હળવું પડતાં લોકોએ કંઈક અંશે રાહતનો દમ ખેંચ્યો હતો. જો કે, ત્રણ દિવસ પડેલા વરસાદી અતિવૃષ્ટિ બાદ ગુજરાતના બનાસકાંઠા, રાજકોટ-મોરબી, સિધ્ધપુર, સૌરાષ્ટ્ર પંથક સહિતના વિસ્તારોમાં ઠેર-ઠેર તારાજીના દ્રશ્યો સામે આવ્યા છે. વરસાદનું જોર ઘટતાં તેમ જ કેટલાક વિસ્તારોમાં વરસાદે વિરામ લેતાં લોકો હવે ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિમાંથી પાણી ઓસરવાની રાહ જોઈ રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મોરબીના ટંકારા, ગીર-સોમનાથના કોડીનાર, સૌરાષ્ટ્ર સહિતના પંથકોમાં મેઘરાજાએ પોતાનો કહેર વરસાવ્યો હતો. મોરબીના ટંકારાના બંગાવડી ડેમ પાણીની વધુ આવકના કારણે ઓવરફલો થયો હતો. ડેમના ૩૩ દરવાજાઓને ગંભીર નુકસાન થયું હતુ, તો પૈકીના કેટલાક દરવાજા તૂટયા પણ હતા.

મોરબીના ટંકારા, બનાસકાંઠાના ગઢ પંથકના કુંભાસણ સહિતના વિસ્તારોમાં વરસાદી કહેરમાં સવા સોથી વધુ પશુઓ મોતને ભેટયા હતા. તો બીજીબાજુ, બનાસકાંઠા પાલનપુર અને દાંતીવાડા પંથક ઉપરાંત સિધ્ધપુર, ધાનેરા, થરાદ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણીએ ભારે તારાજી સર્જી છે. તો, મોરબીના ટંકારા અને ગીર-સોમનાથ જિલ્લાના કોડીનારમાં ભારે નુકસાની-તારાજી દ્રશ્યો જોવા મળી રહ્યા છે. એકબાજુ, વરસાદનું જોર આ વિસ્તારોમાં હળવું બનતા અને કેટલાક પંથકમાં વરસાદે વિરામ લેતાં સ્થાનિક પ્રજાજનોએ રાહતની લાગણી અનુભવી છે પરંતુ વરસાદના કહેર બાદની ગંદકી, કાદવ, પશુઓના મોત, કચરો અને રોગચાળાની દહેશત સહિતની વિકટ પરિસ્થિતિ સામે ઝઝુમી રહ્યા છે. જો કે, રાજયમાં ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં આજે ઘણા ખરા વિસ્તારમાં ઝરમર વરસાદથી લઈ હળવો વરસાદ ચાલુ રહ્યો હતો.

# આજથી પ્રધાનમંત્રી મોદી ત્રણ દિવસની ઈઝરાયેલ યાત્રાએ

દિલ્હી/જેરુસલેમ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી ઈઝરાયલની ત્રણ દિવસની ઐતિહાસિક મુલાકાતે જઈ રહ્યા છે ત્યાં તેમનુ ટ્રમ્પથી પણ ભવ્ય સ્વાગત કરવામાં આવશે. તેઓ ૪ થી ૬ જુલાઈ સુધી ઈઝરાયલમાં રહેશે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્ઝામીન નેતન્યાહુ એરપોર્ટ પર મોદીનું સ્વાગત કરશે. ૭૦ વર્ષના કોઈ ભારતીય વડાપ્રધાનની આ પહેલી મુલાકાત હશે. વડાપ્રધાને મોદી માટે ડિનર પાર્ટી પણ યોજી છે. મોદીના સ્વાગત માટે ભવ્ય તૈયારીઓ કરવામાં આવી છે.

## ન્યુઝ ટ્રેક

### અનંતનાગમાં પોલીસ ટુકડી પર હુમલો

કાશ્મીરના અનંતનાગ વિસ્તારમાં વહેલી સવારે આતંકવાદીઓ દ્વારા હુમલો કરાયો હતો. બંદોબસ્ત જાળવતા બે પોલીસકર્મીઓને નજીવી ઈજાઓ થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અમરનાથ યાત્રાના માર્ગથી માત્ર ૭૫ કીમી દૂર અનંતનાગ વિસ્તાર આવેલ છે.

### દીવ નગરપાલિકામાં ભાજપનો સફાયો

દીવ નગરપાલિકાની ચૂંટણીના પરીણામોમાં ભાજપને માત્ર ત્રણ જ બેઠકો મળી છે. ૧૩ બેઠકોમાંથી કોંગ્રેસને ૧૦ અને ભાજપને ૩ બેઠકો પ્રાપ્ત થઈ છે.

### જીનપીંગ મોદીને મળશે

આગામી બ્રીકસ નેતાઓની બેઠકમાં જીનપીંગ પ્રધાનમંત્રી મોદી સાથે મુલાકાત કરશે એમ મનાય છે. છેલ્લા કેટલાક દિવસથી સિક્કીમ સરહદે ભારત-ચીન વચ્ચે સર્જાયેલી તંગદીલીને પગલે જીનપીંગની મુલાકાત પર નજર મંડાયેલી છે.

### પેટ્રોલ પંપોની ૧૨મીએ રાષ્ટ્રવ્યાપી હડતાલ

દેશભરના પેટ્રોલીયમ ડીલર્સ પોતાના પડતર પ્રશ્નો માટે ૧૨મી જુલાઈએ હડતાલ પર જવાની જાહેરાત કરી છે.

### સિગારેટ પર વધારાની એકસાઈઝ ડયુટી રદ

મહેસુલ વિભાગે સિગારેટ અને તમાકુ પર વધારાની એકસાઈઝ ડયુટી રદ કરી છે. જીએસટી લાગુ થતાં વધારાની એકસાઈઝ ડયુટી રદ કરવાનો નિર્ણય લેવાયો છે.

કચ્છની મેવો
ખારેક
કચ્છના ખેડૂતો દ્વારા વેચાણ ચાલુ છે
કૃષિભવનની પાછળ, સેક્ટર-૧૦, ગાંધીનગર

## ગાંધીનગર સમાચાર શરૂ કરે છે નવો વિભાગ
## તંત્રીને પત્ર

અખબારનું કાર્ય એકપક્ષીય નહીં, પરંતુ દ્વિપક્ષીય હોવું જોઈએ, અખબારમાં માત્ર અખબારી આલમનો જ નહીં, પરંતુ સામાન્ય નાગરિકોનો, વાચકોનો અવાજ પણ રજૂ થવો જોઈએ. એ વિચારના પરિપાકરૂપે ગાંધીનગર સમાચાર શરૂ કરે છે નવો વિભાગ 'તંત્રીને પત્ર'.

વાચકો તંત્રીને પત્ર લખીને શહેરની વર્તમાન સમસ્યાઓ, ઘટનાઓ, પ્રેરક કથાઓ કે અખબાર અંગેની કોઈ વાત પણ જણાવી શકે છે. એવી કોઈપણ વાત જે વાચકો અખબારના માધ્યમથી અન્ય વાચકો સુધી પહોંચાડવા માગતા હોય તે આ વિભાગમાં સ્થાન પામશે.

કાગળની એક તરફ સુવાચ્ય અક્ષરોમાં, ૧૦૦ શબ્દોની મર્યાદામાં પત્રો લખી મોકલવા ગાંધીનગર સમાચાર સૌ વાચકો, નાગરિકોને હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

- તંત્રી

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# અમદાવાદમાં મુશળધાર વરસાદ

## ચોતરફ જળબંબાકારની સ્થિતિ : શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ, જનજીવન ઠપ : વાસણા બેરેજના ત્રણ દરવાજા બે ફૂટ ખોલાયા : અતિભારે વરસાદના કારણે અન્ડરબ્રિજ બંધ કરાયા : વૃક્ષો ધરાશાયી થવાના અને ખાડા પડવાના બનાવો

અમદાવાદ, તા.૩

રાજ્ય ઉપર સર્જાયેલી અપરએર સાઈકલોનિક સિસ્ટમને પરિણામે આજે અમદાવાદ શહેર ઉપર જાણે કે આભ ફાટયુ હોય એમ શહેરના તમામ છ ઝોનમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકતા જનજીવન ઉપર તેની ગંભીર અસરો જોવા મળી હતી.આજના વરસાદના પરિણામે જ્યાં શહેરના ઉત્તરઝોનમાં આવેલા સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના રન-વે ઉપર પાણી ફરી વળતા ડોમેસ્ટીક રન-વે તરફનો માર્ગ બંધ કરવાની ફરજ પડી હતી આ સાથે જ ૧૦ જેટલી ફલાઈટોના સમયમાં પણ ફેરફાર કરવાની ફરજ પડી હતી.ભારે વરસાદને પગલે શહેરના ત્રણ જેટલા અંડરપાસ બંધ કરવાની સત્તાવાળાઓને ફરજ પડી હતી.શહેરમાં પડેલા ભારે વરસાદને પરિણામે વાસણા બેરેજના ત્રણ દરવાજા બે ફૂટ જેટલા ખોલવાની ફરજ પડી હતી.શહેરમાં આજે બપોરના સુમારે પડેલા ભારે વરસાદને પગલે સૌથી વધુ વરસાદ શહેરના ઉત્તરઝોનમાં ૭૩.૩૫ મીલીમીટર પડયો હતો.શહેરમાં આજના વરસાદની સાથે જ્યાં એક તરફ લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો ત્યાં બીજી તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રિ-મોન્સુન એકશન પ્લાનની નિષ્ફળતા સામે પણ લોકોએ ભારે રોષ અને આક્રોશ વ્યકત કર્યા હતા.નોંધપાત્ર બાબત તો એ હતી કે આ વર્ષે મ્યુનિસિપલ તંત્ર ઉંઘતુ ઝડપાઈ જવા પામ્યુ હતુ. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શરૂ કરવામાં આવેલા મુખ્ય કંટ્રોલરૂમની બહારના ભાગમાં જ વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા હતા.આજના વરસાદની સાથે અમદાવાદ શહેરમાં બપોરના ચાર કલાક સુધીમાં શહેરનો મોસમનો સરેરાશ કુલ વરસાદ ૬.૦૧ ઈંચ ઉપર પહોંચવા પામ્યો છે.આજે હવામાન વિભાગ તરફથી કરવામાં આવેલી આગાહી સાચી ઠેરવતા હોય એમ સવારથી આકાશમાં ઘેરાયેલા વાદળોએ બપોરે એકના સુમારે વરસવાનું શરૂ કર્યુ હતુ.



